# :: જાહેર હરાજી ::

આથી રસ ધરાવતા તમામ સ્થાનિક/બહાર ગામના વેપારી તથા હરરાજીમાં રસ ધરાવતા ઇસમોને જાણ કરવામાં આવે છે કે, અત્રેની કૃષિ વિજ્ઞાન વિભાગ હસ્તકના યાંત્રિક વાણીજ્ય ફાર્મ ખાતે નાળીયેરી ઝાડ નંગ-૬૯ ને મૂળમાંથી કાઢીને લાકડા લઇ જવા માટેની જાહેર હરરાજી નીચે જણાવેલ સમયે અને સ્થળે રાખવામાં આવેલ હોય, હરરાજીમાં ભાગ લેવા રસ ધરાવતા આસામીઓને હરરજી સમયે આથી હાજર રહેવા જણાવવામાં આવે છે.

હરરાજી અંગેની તમામ શરતો હરરાજી સમયે રૂબરૂ વાંચી સંભળાવવામાં આવશે. હરરાજીમાં બોલી બોલનારે **રૂપિયા ૧૦૦૦/- ડીપોઝીટ પેટે** ભરવાના રહેશે.

| ક્રમ | વિગત | હરરાજીનું સ્થળ, તારીખ અને સમય |
|---|---|---|
| ૧ | યાંત્રિક વાણીજ્ય ફાર્મ ખાતે વીડી વિસ્તારમાં નાળીયેરી ઝાડ કુલ નંગ-૬૯ આવેલ છે.<br>**હરરાજીમાં આપેલ ઝાડ રૂબરૂ જોવાનો સમય (રજાના દિવસો સિવાય)**<br>૦૮-૦૦ થી ૧૨-૦૦ અને ૧૫-૦૦ થી ૧૮-૦૦ | **સ્થળ:** યાંત્રિક વાણીજ્ય ફાર્મ<br>જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ.<br>**તારીખ:**૩૦/૦૪/૨૦૨૫, બુધવાર<br>**સમય:** સવારે ૧૦:૦૦ કલાકે |

**લાકડા લઈ જવાની જાહેર હરરાજીની શરતો:**

- જાહેર હરરાજીમાં ભાગ લેનાર ઇસમ પુખ્તવયના અને સ્થિર બુધ્દ્દિવાળા હોવો જોઇએ.
- કોઇ પણ બોલ માન્ય રાખવો કે નહી તે નીચે સહી કરનાર અધિકારીની સતામર્યાદામાં રહેશે.
- હરરાજીમાં છેવટના બોલની રકમનાં ૧૦% ડીપોઝીટ દિવસ-૨માં કચેરીમાં જમા કરવાની રહેશે. જે રકમ ફાર્મમાં નુકસાની ન કર્યા અંગેનું ફાર્મ મેનેજરનું પ્રમાણપત્ર મેળવી વગર વ્યાજે પરત કરવામાં આવશે.
- મંજુર થયેલ રકમ દિવસ-૧૦માં સરકારી નીતિ-નિયમો મુજબ લાગુ પડતાં ટેક્ષ સાથે કચેરીમાં જમા કરવાની રહેશે. ત્યારબાદ ઝાડ નિકાલ માટે પરવાનગી આપવામાં આવશે.
- પરવાનગી આપ્યા બાદ ઝાડના નિકાલ માટેની કાર્યવાહી તાત્કાલિક કરવાની રહેશે તેમજ હરરાજીની તારીખથી વધુમાં વધુ ૦૧ મહિના સુધી માંગણીદરના જોખમે જે તે સ્થળે માલ રાખવા દેવામાં આવશે પછી થી માલ જૂ.કૃ.યુ.નો ગણાશે અને માલની ભરપાઈ કરેલ રકમ પરત દેવામાં આવશે નહિ.
- તમામ ઝાડો સ્વખર્ચે અને પોતાના જોખમે કાપીને લઇ જવાના રહેશે.
- આકસ્મિક કે અન્ય કારણોસર હરરાજી રદ કરવાની સત્તા નીચે સહી કરનારને અબાધિત રહેશે.
- હરરાજી વખતે કોઈ વાંધો તકરાર ઉપસ્થિત થાયતો નીચે સહી કરનારનો નિર્ણય આખરી ગણાશે.
- હરરાજી વખતે પાનકાર્ડની નકલ તથા ચૂંટણી/આધારકાર્ડની નકલ સાથે રજૂ કરવાની રહેશે.

---

જા.નં. જૂ.કૃ.યુ./એજીઆર/એમસીએફ/જા.હ.(લાકડા)/ 2054-2083 /૨૫

જૂનાગઢ, તા.૧૭/૦૪/૨૦૨૫

પ્રાધ્યાપક અને વડા
કૃષિ વિજ્ઞાન વિભાગ
જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી
જૂનાગઢ

**નકલ જાણ થતા હરરાજી સમયે હાજર રહેવા સારું:**

૧. સંશોધન નિયામકશ્રી, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ
૨. આચાર્ય અને ડીનશ્રી, બાગાયત મહાવિધાલય, જૂ.કૃ.યુ. જૂનાગઢ
૩. પ્રાધ્યાપક અને વડાશ્રી, જનીન વિધા અને પાક સંવર્ધન વિભાગ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ
૪. સં. વૈ. (કપાસ), કપાસ સંશોધન કેન્દ્ર, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ
૫. પ્રાધ્યાપક અને વડા, જળ અને જમીન સંરક્ષણ વિભાગ, કૃષિ ઈજનેરી મહાવિધાલય, જુકૃયુ., જૂનાગઢ

**નકલ સવિનય રવાના બહોળી પ્રસિધ્દ્દિ અર્થે:**

૧: આ કચેરીના નોટીસ બોર્ડ પર
૨. નિયામકશ્રી, આઇ.ટી.સેલ., જૂ.કૃ.યુ, જૂનાગઢ
૩. સિકયુરિટી ઓફિસરશ્રી, મોતીબાગ ગેટ, જૂ.કૃ.યુ., જૂનાગઢ
૪. સંબંધિત ઇસમોને નેટ પર બહોળી પ્રસિધ્દ્દિ અર્થે